# Government Arts College, Kaparada

## સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭,

સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org


---

GACK/2022/એસ્ટોલ જૂથ/551 +0561 DATE:09/09 /2022

પ્રતિ,
માનનીય પ્રાયોજના વહીવટદારશ્રી,
પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, ટ્રાઈબલ સબપ્લાન,
જિ. વલસાડ

વિષય:- એસ્ટોલ જૂથ યોજના અંતર્ગત સરકારી વિનયન કોલેજ, કપરાડાને કનેક્શન આપવા તેમજ વનવાસી ગર્લ્સ હોસ્ટેલ તરફથી કોલેજ માટે મંજૂર થયેલ યોજના અંતર્ગત મળતુ પાણી જે આશરે ત્રણ વર્ષથી તદ્દન બંધ પડેલ છે, તે પુન : ચાલુ કરાવવા બાબત.

સંદર્ભ:-
1) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક GACK/2020/ એસ્ટોલ જૂથ યોજના/328-337 તા.12/11/2020
2) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક GACK/2021/ એસ્ટોલ જૂથ યોજના/116-125 તા.10/03/2021
3) અત્રેની સંસ્થાના આચાર્યશ્રી દ્વારા તા.03/12/2021 અને 13/12/2021 ના રોજ ઉપરોક્ત વિષય અન્વયે કપરાડા તાલુકાના તાત્કાલીન મામલતદારશ્રી રાણા સાહેબ ને કરેલ મૌખિક રજુઆત
4) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક GACK/2021/ એસ્ટોલ જૂથ/586-594, તા.23/12/2021.
5) મામલતદારશ્રી,કપરાડાના પત્ર ક્રમાંક નં એડી એમ/કોલેજ/પાણી/વશી 7/22 તા.17/02/2022
6) મામલતદારશ્રી,કપરાડાના પત્ર ક્રમાંક નં એડી એમ/કોલેજ/પાણી/વશી 9/22 તા.17/02/2022
7) અત્રેની સંસ્થાના પત્ર ક્રમાંક GACK/2022/કેમ્પસમાં/112 to 117 તા.07/03/2022
8) અત્રેની સંસ્થાના આચાર્યશ્રી દ્વારા તા.15/06/2022 ના રોજ મામલતદાર અને એક્ઝીક્યુટિવ મજિસ્ટ્રેટશ્રીને કરેલ મૌખિક રજુઆત.
9) મામલતદારશ્રી, કપરાડા દ્વારા તા.16/06/2022 ના રોજ પાણી પુરવઠા કચેરી, ધરમપુરને કરેલ ટેલીફોનિક રજુઆત.
10) અત્રેની સંસ્થાના આચાર્યશ્રી દ્વારા તા.17/06/2022 ના રોજ પાણી પુરવઠા કચેરી, ધરમપુરને કરેલ ટેલીફોનિક રજુઆત.
11) તા.29/08/2022 ના રોજ અત્રેની સંસ્થામાં યોજાયેલ SVEEP કાર્યક્રમમાં આચાર્યશ્રીએ મામલતદાર અને એક્ઝીક્યુટિવ મજિસ્ટ્રેટશ્રી કપરાડા, ચૌધરી સાહેબને રૂબરૂમાં કરેલ રજુઆત.

Govt. Arts College-Kaparada * Dist. Valsad

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપશ્રીને સવિનય જણાવવાનું કે અત્રેની સરકારી વિનયન કોલેજ, કપરાડા, જિ. વલસાડ આદિજાતિ વિદ્યાર્થિઓ માટે સરકારશ્રી દ્વારા શરૂ કરેલ સંસ્થા છે. પરંતુ સદર સંસ્થામાં પાણીની અતિશય અછત છે. વોશરૂમમાં પાણી પર્યાપ્ત માત્રામાં ન મળવાના કારણે સફાઈ પણ સારી રીતે કરી શકાતી નથી. જેના લીધે વિદ્યાર્થીઓને તથા સ્ટાફને ઘણી મુશ્કેલી થાય છે. પાણી જેવી જરૂરી ભૌતિક સુવિધાના અભાવના લીધે અત્રેની સંસ્થામાં પ્રવેશ ઈચ્છતા અમુક વિદ્યાર્થીઓ દર વર્ષે ભણવા માટે બીજા તાલુકામાં જતા હોય છે. જો કે કોલેજના ઉત્સાહી, બહુઆયામી તેમજ વિષય નિષ્ણાત અધ્યાપકશ્રીઓ દ્વારા અપાતા શિક્ષણ અને શિક્ષણોત્તર પ્રવૃત્તિના પરિણામે શૈક્ષણિક વર્ષ 2019-20 અને 2021-22 માં કપરાડા તાલુકાની આશરે 06 હાઈસ્કૂલોની મુલાકાત લીધી. જે અન્તર્ગત કોલેજમાં અપાતુ ઉત્કૃષ્ટ શિક્ષણ, વિવિધ શિક્ષણોત્તર પ્રવૃત્તિઓ તેમજ સરકારશ્રી તરફથી આદિજાતિ વિદ્યાર્થીઓને અપાતા અનેક લાભો વિશે વિશેષમાં 12 માં ધોરણમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને માહિતગાર કરતા, સ્કૂલોના આચાર્યશ્રી તેમજ શિક્ષકશ્રીઓને વિદ્યાર્થીઓ 12 માં ધોરણ પાસ કર્યા પછી કપરાડાની સરકારી વિનયન કોલેજમાં પ્રવેશ મેળવે તે માટે પ્રોત્સાહિત કરવા આહવાનના પરિણામ સ્વરૂપે કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. છેલ્લા 6 વર્ષોની સંખ્યા નીચે પ્રમાણે છે:

| વર્ષ | FYBA | SYBA | TYBA | Total |
|---|---|---|---|---|
| 2017-18 | 55 | 35 | 16 | 106 |
| 2018-19 | 62 | 50 | 27 | 139 |
| 2019-20 | 62 | 49 | 42 | 153 |
| 2020-21 | 59 | 47 | 48 | 154 |
| 2021-22 | 111 | 42 | 42 | 195 |
| 2022-23 | 143 | 94 | 40 | 277 |

જે ઉત્તરોત્તર પ્રગતિ બતાવે છે. વિદ્યાર્થીઓની વધતી સંખ્યા સાથે - સાથે વર્ષ દર વર્ષ શિક્ષણની ગુણવત્તામાં પણ સુધાર થતો જાય છે. શૈક્ષણિક વર્ષ 2021-22 માં FYBA માં 125 પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થિઓ માંથી 27 First Class with Distinction, 34 First Class, 31 Second Class, આમ કુલ પરિણામ 93.07% છે. SYBA માં 39 પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થિઓ માંથી First Class with Distinction, 06, First Class 13, Second Class 18 આમ કુલ પરિણામ 97.44% છે. એવી જ રીતે TYBA માં 43 પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓમાં થી 07 First Class with Distinction, 18 First Class, 16 Second Class, કુલ પરિણામ 95.35% છે. વધુમાં હાલના વર્ષોમાં આશરે દર વર્ષ 1 વિદ્યાર્થી માનનીય ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા અપાતી મેરિટ સ્કોલરશીપ પણ મેળવે છે. જે અત્રેની સંસ્થામાં અપાતા શિક્ષણની ગુણવત્તાનું પ્રમાણ છે.

હાલ કોલેજમાં ચાલુ એકમાત્ર પાણી ગ્રામ પંચાયત નળ કનેક્શનથી અઠવાંડિયામાં ફક્ત 02 થી 03 દિવસ તે પણ આશરે 20 મિનિટ જેટલા સમય સુધી આવે છે જે તદન ઓંછુ છે. કોલેજ કેમ્પસની નજીકથી અસ્ટોલ યોજના અંતર્ગત પાણીની લાઈન જાય છે. તેમાંથી જો કોલેજને 02 અથવા 03 ઈંચ Diameter નળ કનેક્શન કોલેજની ભૂમિગત ટેંક સુધી મળે તો વપરાશ પ્રમાણે યોગ્ય ગણાશે. કોલેજનો ઉપયોગ ચૂંટણી જેવી અગત્યના કામોમાં પણ થાય છે. જે માટે પાણીના ટેંકરો મંગાવવા પડે છે. (મામલતદારશ્રી કપરાડાના સંદર્ભ નં 5, 6 અને અત્રેની સંસ્થાનો સંદર્ભ નં 7 ના પત્રોની નકલ આ સાથે સામેલ છે). ગ્રામ પંચાયત કપરાડા તરફથી અમોને અનેક વાર વનવાસી ગર્લ્સ હોસ્ટેલ

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

બાજુથી, બંધ પડેલ પાણી શરૂ કરવા મૌખિક આશ્વાસન મળેલ છે પરંતુ આશરે ત્રણ વર્ષથી તદ્દન બંધ પડેલ છે. જે આજ દિવસ સુધી ચાલુ થયેલ નથી.

આદિવાસી વિદ્યાર્થી ભાઈ-બહેનોના ભાવી ઉજ્જવળ થાય વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહે તે હેતુથી અમારી રજુઆતને અગ્રતા આપી કોલેજમાં વ્યાપ્ત પાણીની સમસ્યાનો કાયમ માટે ઉકેલ આવે કોલેજને અસ્ટોલ યોજનાથી અને વનવાસી ગર્લ્સ હોસ્ટેલ તરફથી પાણી મળે તે દિશામાં યોગ્ય કાર્યવાહી કરવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

કોલેજમાં ફાયર સેફ્ટીની પણ કામગીરી થઈ છે. જે અંતર્ગત 10,000 લીટર પાણીની ટાકી મુકવામાં આવેલ છે. માટે કાયમી અતિશય પાણીની જરૂર રહે છે. એ મુદ્દાને પણ ધ્યાને લેશો.

આ કોલેજ આદિવાસી વિસ્તારમાં આવેલી છે. બહુધા આદિવાસી વિદ્યાર્થીઓ જ અભ્યાસ કરે છે. તેમજ સરકારશ્રી પણ આદિવાસીના ઉત્થાન માટે હંમેશા પ્રયત્નશીલ હોય છે, ચિંતિત હોય છે. આદિવાસીના વિકાસ માટે કરોડો રૂપિયા ખર્ચ કરે છે. ત્યારે શિક્ષણ આપતી સંસ્થાને પાણી જેવી પાયાની જરૂરિયાત માંથી શા માટે બાકાત રાખવામાં આવે?

કોલેજ કેમ્પસમાં બે બોરવેલ કરવામાં આવેલ પણ એમાંથી પાણી મળતું નથી. એટલે વધુ બોર કરવા શક્ય નથી. કપરાડામાં અમારી જાણ મુજબ ઘરે ઘરે અસ્ટોલ યોજનાના નળ જોડાણ પ્રાપ્ત થયા છે. એ કપરાડામાં જ કોલેજ આવી હોવા છતાં અસ્ટોલ યોજનાનું નળ જોડાણ મળેલ નથી. કોલેજમાં વર્ષોવર્ષ વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે. તે ધ્યાને લઈ અસ્ટોલ નળ યોજનાનું જોડાણ મળી રહે એવી નમ્ર વિનંતી કરવામાં આવે છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,
Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

નકલ સવિનય રવાના:-

1) માનનીય અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, બ્લોક નં. 5, નવા સચિવાલય, ગાંધીનગર
2) માનનીય ડાયરેક્ટરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં 12, જીવરાજ મહેતા ભવન, જૂનો સચિવાલય, ગાંધીનગર.
3) માનનીય અધિક કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં 12, જીવરાજ મહેતા ભવન, જૂનો સચિવાલય, ગાંધીનગર.
4) માનનીય કલેક્ટર અને જિલ્લા મજિસ્ટ્રેટશ્રી, જિલ્લા સેવાસદન, વલસાડ.
5) માનનીય પ્રાન્ત અધિકારીશ્રી, ધરમપુર, જિ. વલસાડ.
6) મામલતદાર અને એક્ઝીક્યુટિવ મજિસ્ટ્રેટશ્રી, કપરાડા, જિ. વલસાડ.
7) તાલુકા વિકાસ અધિકારીશ્રી, કપરાડા, જિ. વલસાડ.
8) સરપંચશ્રી, ગ્રામ પંચાયત, કપરાડા, જિ. વલસાડ.
9) એક્ઝીક્યુટિવ ઈજનેરશ્રી, પાણી પુરવઠા, અબ્બાસ ચેમ્બર્સ, જીલ્લા સેવાસદન -2 ની સામે વલસાડ.
10) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાણી પુરવઠા બોર્ડ, રોયલ ફર્નિચરની બાજુમાં, પહેલો માળ, હાથીખાના, ધરમપુર, જી. વલસાડ.
11) સદર કચેરી ફાઈલ.

બિડાણ:- સંદર્ભ નં. 5, 6 અને 7 પત્રોની નકલ

Govt. Arts College-Kaprada Dist. Valsad